ટોચ અગ્રતા
સમય મર્યાદા

O.I.G.S.

નં/નાનિ/વિ.જા./સાયકલ/૧૮-૧૯/૨૫૬૮-૨૮૪૨
નાયબ નિયામક (વિ.જા.)ની કચેરી
નર્મદા ભુવન 'સી' બ્લોક બીજો માળ,વડોદરા.
ફોન નં-૦૨૬૫-૨૪૨૬૬૨૨ / ૨૪૧૦૦૮૨/7046618797-
Email-swo-ddo-vad@gujarat.gov.in
તા. ૩૦ /૦૫/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
........................................................................
........................................................................
જિ.વડોદરા

વિષય:- ધોરણ ૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને વર્ષ ૨૦૧૮-૧૯માં "સરસ્વતી સાધના યોજના" હેઠળ સાયકલ આપવા દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ:- સંયુક્ત નિયામકશ્રી વિકસતી જાતિનો પત્રનં.વિજાક/શિક્ષણ/૧૮-૧૯/૧૮૬૭ થી ૧૮૯૯ તા.૨૧/૦૫/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૧૮-૧૯માટે શહેરી વિસ્તાર/ ગ્રામ્ય વિસ્તાર માટે ધોરણ-૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (સા.શૈ.પ.વ.) અને આર્થિક રીતે પછાતવર્ગ (આ.પ.વ.) ની કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ ગ્રીમકો મારફતે ખરીદ કરીને સાયકલ ભેટ આપવાની યોજનામાં ધોરણ-૯ની કન્યાઓને આગામી શાળા પ્રવેશોત્સવ જુન-૨૦૧૮ માસ દરમ્યાન સાયકલ આપવાની થતી હોઈ જે કન્યાઓ કે જે રહેઠાણના સ્થળેથી અંતર મર્યાદાના બાધ વિના માધ્યમિક શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરવા જતી હોય તે તમામ કન્યાઓને સાયકલ આપવાની દરખાસ્ત તા.૧૩-૦૬-૨૦૧૮ સુધીમાં નીચે મુજબની શરતો ધ્યાને લઈ રૂબરૂમાં અત્રેની કચેરીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

સદર યોજના હેઠળ આ સાથે (પાછળ) સામેલ નિયત નમુનાના પત્રક ૧ માં તમામ કોલમોની વિગતો ભરી નિયત પ્રમાણપત્ર સાથે શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા સાથેની દરખાસ્ત ફાઈલ કવર સાથે પત્રક-૧માં બે નકલમાં રજૂ કરવી તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (સા.શૈ.પ.વ.) અને આર્થિક રીતે પછાતવર્ગ (આ.પ.વ.) ની અલગ-અલગ દરખાસ્ત નીચેની શરતો ધ્યાને લઈ રજુ કરવી.

શરતો:

(૧) સા.શૈ.પ.વર્ગ(બક્ષીપંચ)ની સરકારશ્રી દ્વારા નક્કી થયેલ જાતિઓની દરખાસ્ત પત્રક-૧માં બે નકલમાં રજુ કરવાની રહેશે.

(૨) સદર યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લઈ પાત્રતા ધરાવતી કન્યાના કુટુંબની ગત વર્ષ ૨૦૧૭-૧૮ની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર નાયબ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી કે અન્ય સક્ષમ સત્તા અધિકારીનું દરખાસ્ત સાથે અચુક રજુ કરવાનું રહેશે. જે કન્યાની કુટુંબની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર રજુ થયેલ હોય તેઓના નામની જ દરખાસ્ત રજુ કરવા ખાસ નોંધ લેવી

(૩) જે કન્યાઓને અગાઉના વર્ષમાં આ યોજના હેઠળ અથવા અન્ય યોજના હેઠળ સાયકલનો લાભ પ્રાપ્ત થયેલ હોય તેવી કન્યાઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. તેથી તેવી કન્યાઓની દરખાસ્ત કરવી નહીં.

(૪) આવકના પ્રમાણપત્ર વિના, અધુરી વિગતે, સમય મર્યાદા બાદ કે નિયમ વિરૂધ્ધ કરેલ દરખાસ્ત અંગે ઉપસ્થિત થનાર પરિસ્થિતિની અંગત જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની ગંભીરતા પૂર્વક નોંધ લેવી.

(૫) પત્રક-૧માં વિદ્યાર્થીની (કન્યા)નું પૂરૂ નામ તથા સરનામુ તેમજ પિતાનું પૂરૂ નામ અવશ્ય દર્શાવવું.

(૬) પત્રક-૧માં સંબંધીત શાળાઓએ આચાર્યશ્રી તથા સંપર્ક(સંબંધીત) કર્મચારીઓના ફોન નંબર/મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવા.

(૭) આર્થિક પછાત વર્ગની દરખાસ્તમાં માતા/પિતા કે વાલીનો પત્રક-૧ના કોલમ નં.૭ માં વ્યવસાય ફરજીયાત દર્શાવવાનો રહેશે.

(૮) વર્ષ ૨૦૧૮-૧૯ થી પત્રક ૧ ના કોલમ નં.૧૦ માં કન્યાનો આધારકાર્ડ નંબર ફરજિયાત નોંધવો. તથા આધારકાર્ડની નકલ દરખાસ્ત સાથે અચુક રજુ કરવાની રહેશે.

બિડાણ:- પત્રક – ૧ (પાછળની વિગતે)

(એચ.એમ.વાઘાણી)
જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)
વડોદરા.

નકલ સવિનય રવાના જાણ સારૂ.

૧. માન. કલેકટરશ્રી, વડોદરા
૨. માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, કારેલીબાગ, વડોદરા

૨/- આપના હસ્તકની જિલ્લાની સરકારશ્રીની મંજુરીવાળી ગ્રાન્ટેડ તથા સરકારી શાળાઓને ઉક્ત વિગતે પાત્રતા ધરાવતી કન્યાઓની સાયકલ આપવાની દરખાસ્ત સમયસર રજુ કરવા ઈ-મેઈલ (વેબ સાઈટ પર મુકવા) થવા તેમજ અમલ થવા માટે આપશ્રીની કક્ષાએથી જરૂરી સુચના આપવા સારૂ.

P.T.O.

Scanned by CamScanner

**કચેરીનું નામ/ સરનામુઃ- જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) નર્મદા ભવન, સી-બ્લોક, બીજો માળ, વડોદરા,**

# પત્રક-૧

**"સરસ્વતી સાધના" યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં ધોરણ-૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (સા.શૈ.પ.વ.), તથા આર્થિક પછાત વર્ગ (આ.પ.વ.)ની કન્યાઓને સાયકલ ભેટ આપવાની વિગત દર્શાવતુ પત્રક.**

શાળાનું નામ:-

શાળાનો ફોન નંબર:-

શાળાના આચાર્યનો મોબાઈલ નંબર:-

સંપર્ક(સંબંધીત) કર્મચારીનો મોબાઈલ નંબર:-

| ક્રમ | વિદ્યાર્થીની (કન્યા)નું પુરૂ નામ તથા સરનામુ પિતાનુ પુરૂનામ (અટક પ્રથમ લખવી) | જનરલ રજીસ્ટર નંબર | જાતિ પેટાજાતિ | ગત વર્ષમાં કયા ધોરણમાં અભ્યાસ કરતી હતી | ચાલુ વર્ષે કયા ધોરણમાં અભ્યાસ કરે છે? | માતા-પિતા વાલીનો વ્યવસાય | વિદ્યાર્થીનીના કુટુંબની ગત વર્ષની વાર્ષિક આવક | અગાઉના વર્ષમાં સાયકલનો લાભ મળેલ છે કે કેમ? હા/ના | આધાર કાર્ડ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,

(૧) પત્રક-૧માં દર્શાવેલ ક્રમ નં.૧ થી ............... સુધીની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / આર્થિક પછાત વર્ગની કન્યાઓ અત્રેની શાળામાં રહેઠાણના સ્થળથી અંતર મર્યાદાના બાધ વિના ગામ/શહેર/સ્થળે વર્ષ ૨૦૧૮-૧૯માં ધોરણ-૯માં અભ્યાસ કરે છે. "સરસ્વતી સાધના" યોજના અંતર્ગત ધોરણ-૯ની સા.શૈ.પ.વર્ગ/આર્થિક પછાત વર્ગની પાત્રતા ધરાવતી કોઈપણ કન્યાઓની દરખાસ્ત હવે બાકી રહેતી નથી. તેમજ અગાઉ સદર યોજના હેઠળ ઉક્ત કન્યાઓને સાયકલનો લાભ અપાયેલ નથી. જેની ખાત્રી કરવામાં આવેલી છે. ઉપરોક્ત વિદ્યાર્થીનીઓના જાતિ, આવક, આધારકાર્ડના તથા અન્ય જરૂરી દાખલાની વિગતો શાળાના રેકર્ડ પર રાખવામાં આવેલ છે.

(૨) આ યોજના હેઠળ, આ શાળાની વિદ્યાર્થીઓની ગયા વર્ષે મંજુર કરવામાં આવેલ સાયકલો જે તે વિદ્યાર્થીનીઓને આપેલ છે, સાયકલ મળ્યા બદલ વિદ્યાર્થીની પાસેથી પહોંચ મેળવી, શાળાના રેકર્ડ પર રાખવામાં આવેલ છે. તેમજ જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) વડોદરાની કચેરીને મોકલેલ છે.

સ્થળ:-

તારીખ:-

શાળાના આચાર્યની સહી/સિક્કો

.........................................................................

Scanned by CamScanner